# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 07-06-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શુક્રવાર

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એનડીએ સંસદીય પક્ષના નેતા તરીકે ચૂંટાયા..

- ✓ આરબીઆઇએ સતત આઠમી વાર રેપો રેટ સાડા છ ટકાએ યથાવત રાખ્યા.. વૃધ્ધિનો અંદાજ વધારી 7.2 ટકા..

- ✓ માનહાનિ કેસમાં બેંગ્લુરૂની અદાલતે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને શરતી જામીન આપ્યા…

- ✓ નૈઋત્યનું ચોમાસુ આગળ વધ્યું- મધ્ય અને દક્ષિણ ભારત સહિત દેશના અનેક ભાગોમાં વરસાદની હવામાન ખાતાની આગાહી,…

- ✓ શેરબજારમાં કડાકાની જેપીસી દ્વારા તપાસની કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની માંગણી…

- ✓ દિલ્હી વિધાનસભા ચૂંટણી એકલે હાથે લડવાની આમ આદમી પાર્ટીની જાહેરાત…

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *NDA MEETING*

એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા છે. કેન્દ્રીય  સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે શ્રી મોદીનાં નામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય  સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ અનુમોદન આપ્યું હતું. પ્રસ્તાવ ધ્વનિમતથી પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મોદીએ એનડીએનાં તમામ સાથી પક્ષોનો આભાર માન્યો હતો અને સંવિધાન સદનમાં યોજાયેલી બેઠકમાં ભાજપ, ટીડીપી, જેડીયુ, એલજેપી (આર), શિવેસેના (શિંદે જૂથ), જનતા દલ (સેક્યુલર) ઉપરાંત એનડીએનાં અન્ય સાથી પક્ષોના નવા ચૂંટાયેલા સાંસદો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જેપી નડ્ડા, કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, રાજનાથ સિંહ, નિતિન ગડકરી, પિયુષ ગોયલ, અનુરાગ સિંહ ઠાકુર, ટીડીપીના વડા ચંદ્રબાબુ નાયડુ, જેડીયુના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમાર, એલજેપી (આર)ના વડા ચિરાગ પાસવાન, એનસીપીના નેતા અજીત પવાર, આરએલડીના વડા જયંત ચૌધરી, જનસેનાના વડા પવન કલ્યાણ, અપના દલ (એસ)ના નેતા અનુપ્રિયા પટેલ, જેડીએસના નેતા એચડી કુમારસ્વામી સહિતનાં એનડીએનાં ઘટક પક્ષોના નેતાઓ હાજર રહ્યા હતા.

## *REV. JDU-MEET*

જનતા દળ (યુનાઈટેડ)ના પ્રમુખ અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે નવી દિલ્હીમાં તેમના નિવાસસ્થાને સંસદીય દળની બેઠકની અધ્યક્ષતા કરી હતી. જેડીયુના લલન સિંહ, સંજય કુમાર ઝા, અજય કુમાર મંડલ, વિજય લક્ષ્મી કુશવાહા, કૌશલેન્દ્ર કુમાર, રામ નાથ ઠાકુર, દેવેશ ચંદ્ર ઠાકુર, સુનીલ કુમાર, લવલી

આનંદ, ગિરિધારી યાદવ, અનિલ હેગડે સહિતના અન્ય નેતાઓ બેઠકમાં હાજરી આપી હતી.

દરમિયાન લોક જનશક્તિ પાર્ટીએ પણ રાષ્ટ્રીય રાજધાનીમાં સંસદીય દળની બેઠક યોજી હતી. બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષ ચિરાગ પાસવાનને પાર્ટીની સંસદીય સમિતિના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## *RS- ELCTION*

કેરળમાં રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. સીપીઆઈ નેતા બિનોય બિસ્વમ, સીપીઆઈ (એમ)ના નેતા ઈલામારામ કરીમ અને કેસી (એમ)ના નેતા જોસ કે મણિનો કાર્યકાળ 1લી જુલાઈના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. મહારાષ્ટ્રમાંથી રાજ્યસભાની એક સીટ પર પેટાચૂંટણી માટે નોટિફિકેશન પણ ગઈકાલે બહાર પાડવામાં આવ્યું હતું. એનસીપી નેતા પ્રફુલ પટેલના રાજીનામાને કારણે આ બેઠક ખાલી પડી છે. કેરળ અને મહારાષ્ટ્રની સીટો માટે આ મહિનાની 13 તારીખ સુધી નોમિનેશન ફાઇલ કરી શકાશે. 25મી જૂને મતદાન યોજાશે..

## *REV MUMBAI-RBI-BI-MONTHLY POLICY*

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ સતત આઠમી વાર રેપો રેટ સાડા છ ટકાએ યથાવત રાખવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, ચાલુ નાણાકીય વર્ષ માટે વૃધ્ધિનો અંદાજ અગાઉનાં સાત ટકાથી વધારીને 7.2 કરવામાં આવ્યો છે. રિટેલ ફુગાવાનો અંદાજ 4.50 ટકાએ યથાવત રાખવામાં આવ્યો છે.

સ્ટેન્ડિંગ ડિપોઝીટ ફેસિલિટી (SDF) રેટ સવા છ ટકા રહેશે, જ્યારે માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ તથા બેન્ક રેટ 6.75 ટકાએ યથાવત રહેશે. આજે પૂર્ણ થયેલી રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાની નાણા વિષયક નીતિ સમિતીની બેઠકમાં આ નિર્ણય

લેવામાં આવ્યો છે. નિર્ણય બે વિરુધ્ધ ચારની બહુમતીથી લેવામાં આવ્યો છે. સમિતીની બેઠક પાંચ જૂને શરૂ થઈ હતી.

નિર્ણયો પાછળનાં કારણની જાહેરાત કરતા આરબીઆઇના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું હતું કે, ફુગાવો અને વૃધ્ધિ વચ્ચેનું સંતુલન સાનુકુળ રીતે આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે, નાણાકીય નીતિ ફુગાવા વિરોધી જ ચાલુ રહેશે અને તે ચાર ટકાનાં ફુગાવાનાં લક્ષ્યને અનુરુપ છે. ઉલ્લેખનીય છે કે સરકારે આરબીઆઇને ગ્રાહક ફુગાવાનો ચાર ટકાનો દર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે, જેમાં બે ટકાની વધઘટ હોઈ શકે છે.

શ્રી દાસે જણાવ્યું કે, સામાન્ય ચોમાસાની અપેક્ષાએ અન્ન ફુગાવા પર સમિતીની નજર રહેશે.

## *KARNATAKA-RAHUL GANDHI*

બેંલુગુરની એક અદાલતે કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીને શરતી જામીન આપ્યા છે. રાહુલ ગાંધી પર પૂર્વની ભાજપ સરકાર વિશે એક નિવેદન કરવા મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. આ મામલે અદાલતે રાહુલ ગાંધીને આજે રજૂ થવા આદેશ કર્યો હતો, જ્યાં તેમને શરતી જામીન આપ્યા હતા. કેસની હવે પછીની સુનાવણી 30 જૂનના રોજ થશે.

કર્ણાટક વિધાનસભાના સભ્ય બી.એસ. કેશવ પ્રસાદે, કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી પૂર્વે સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાહુલ ગાંધી સામે ખોટા આરોપો લગાવવા મામલે પોલીસ ફરિયાદ કરી હતી. મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને ઉપમુખ્યમંત્રી તેમજ કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ ડી. કે. શિવ કુમારને પણ આ મામલે અગાઉ જામીન મળી ચૂક્યા છે.

## *WEATHER*

હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે મધ્ય અને દક્ષિણ ભારત સહિત દેશનાં અનેક ભાગોમાં વરસાદ અને ગાજવીજ માટેનું યલો એલર્ટ જારી કર્યું છે.

નૈઋત્યનું ચોમાસુ મધ્ય અરબી સમુદ્ર, કર્ણાટક, મહારાષ્ટ્ર, તેલંગાણા, તટીય આંધ્રપ્રદેશનાં કેટલાંક વધુ ભાગોમાં આગળ વધ્યું છે. કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર, મરાઠવાડા, સૌરાષ્ટ્ર, કચ્છ, તટીય આંધ્રપ્રદેશ, રાયલસીમા, તેલંગાણા અને કર્ણાટકમાં આગામી ચાર દિવસ માટે પવન અને ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

આ જ સમયગાળામાં ઉત્તર પૂર્વનાં રાજ્યો, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ગાજવીજ સાથે વ્યાપક વરસાદની સંભાવના છે.

જોકે દેશનાં કેટલાંક ભાગોમાં હજુ પણ ગરમીનું મોજું પ્રવર્તે છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, સોમવાર સુધી ઉત્તરપ્રદેશમાં હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. જ્યારે બેથી ત્રણ દિવસ સુધી મધ્યપ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા, બિહાર અને ઓડિશામાં ગરમીનું મોજું યથાવત રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે દિલ્હીમાં આગામી બે દિવસ માટે ધૂળની ડમરીઓ ઉડવાની અને વાવાઝોડાની આગાહી કરી છે. જો કે રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવના છે.

## *CONGRESS STOCK MARKET*

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ 4 જૂનના રોજ શેર માર્કેટમાં થયેલા કડાકા વિશે સંયુક્ત સંસદીય સમિતિ – જેપીસી સમક્ષ તપાસની માગ કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે બજારમાં કડાકાને કારણે રોકાણકારોને 30 લાખ કરોડનું નુકસાન થયું છે. શ્રી ગાંધીએ કહ્યું કે તેઓ જાણવા માગે છે કે પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીએ શેર

બજારમાં રોકાણ કરનારા પાંચ કરોડ પરિવારોને રોકાણ માટેની વિશેષ સલાહ કેમ આપી.

આ દરમિયાન ભાજપે કૉંગ્રેસના દાવાને ફગાવી દીધો છે. નવી દિલ્હીમાં વરિષ્ઠ ભાજપ નેતા પિયૂષ ગોએલે આરોપ લગાવ્યો કે, રાહુલ ગાંધી રોકાણકારોને છેતરવાનો પ્રયાસ કરી રહ્યા છે. શ્રી ગોયલે દાવો કર્યો કે ચૂંટણી પરિણામોના દિવસે રોકાણકારોને લાભ થયો છે. વધુમાં તેમણે કહ્યું કે પરિણામોને કારણે વિદેશી રોકાણકારો નુકસાન થયું છે, જ્યારે ભારતીય રોકાણકારોને ફાયદો થયો છે.

શ્રી ગોયલે કહ્યું કે દસ વર્ષ પૂર્વે યૂપીએ સરકારમાં ભારતીય શેરબજારમાં 67 લાખ કરોડ રૂપિયાનું રોકાણ હતું, જે વધીને 415 લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.

## *AAP*

આમ આદમી પાર્ટીએ કહ્યું છે કે તે દિલ્હી વિધાનસભાની ચૂંટણી એકલા હાથે લડશે. ગઈ કાલે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પક્ષના તમામ ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા દિલ્હીના મંત્રી ગોપાલ રાયે કહ્યું કે, ઈન્ડિયા બ્લોકની સ્થાપના ખાસ કરીને લોકસભા ચૂંટણી માટે કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે મળીને લોકસભાની ચૂંટણી લડી હતી.

## *ODISHA CM*

ઓડિશામાં, ભાજપના પ્રથમ મુખ્યમંત્રી કોણ બનશે તે અંગે અટકળો ચાલી રહી છે. ઓછામાં ઓછા અડધો ડઝન નામો ચર્ચામાં છે ત્યારે સંસદના તમામ 20 નવા ચૂંટાયેલા સભ્યો સહિત રાજ્યના પક્ષના નેતાઓ દિલ્હીમાં છે અને આ મુદ્દે આજે કેન્દ્રીય નેતાઓને મળે તેવી શક્યતા છે. સંસદીય બોર્ડની બેઠકમાં ઓડિશાના નવા

મુખ્યમંત્રીના નામ પર અંતિમ નિર્ણય લેતા પહેલાં  ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ સાંસદો અને અન્ય નેતાઓનો અભિપ્રાય લેશે.

## *INDIA-KUWAIT FOOTBALL*

કોલકાતાના સોલ્ટ લેકમાં ગઈકાલે ભારત અને કુવૈત વચ્ચેની ફૂટબોલ મેચ ગોલ રહિત ડ્રોમાં સમાપ્ત થઈ હતી. લોકપ્રિય ભારતીય ફૂટબોલ ખેલાડી સુનીલ છેત્રીની ભારત માટે આ છેલ્લી મેચ હતી. આ મેચ ડ્રો થવાને કારણે ફિફા વર્લ્ડ કપના ત્રીજા રાઉન્ડના ક્વોલિફાયરમાં પહોંચવાની ભારતની આશા નિરાશામાં ફેરવાઇ ગઈ હતી..

ભારત પોઈન્ટ ટેબલમાં પાંચ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. કુવૈત અને અફઘાનિસ્તાનના ચાર-ચાર પોઈન્ટ છે. હવે ભારતને વધુ આગળ વધવા માટે કતાર સામે જીતની જરૂર છે.

## *TENNIS-HEILBRONNER NECKARCUP*

ટેનિસમાં  ભારતના સુમિત નાગલે એ જર્મનીમાં હેઇલબ્રોનર નેકરકપ ચેલેન્જર ટૂર્નામેન્ટની મેન્સ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે . તેણે પ્રી-ક્વાર્ટરમાં સ્પેનના જેવિયર બેરાન્કો કોસાનોને સીધા સેટમાં 6-4, 6-1થી પરાજિત કર્યો હતો

સુમિત આજે સાંજે ક્વાર્ટર ફાઇનલમાં રશિયાના ઇવાન ગાખોવ સામે રમશે।

## *T20 WORLDCUP CRICKET*

ICC T20 વિશ્વકપમાં એક રોમાંચક મુકાબલામાં યજમાન અમેરિકાએ ભૂતપુર્વ ચેમ્પિયન પાકિસ્તાનને ગઈ રાત્રિએ સુપર ઓવરમાં પાંચ વિકેટે હરાવ્યું હતું. દલ્લાસમાં ગ્રાન્ડ પરિરી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટીંગ

કરતા પાકિસ્તાને સાત વિકેટના ભોગે 159 રન કર્યા હતા. જવાબમાં અમેરિકાએ પણ નિર્ધારિત 20 ઓવરમાં 150 રન કરતા ટાઈ પડી હતી. સુપર ઓવરમાં અમેરિકાએ એક વિકેટે 18 રન કર્યા હતા, જ્યારે પાકિસ્તાને એક વિકેટે 13 રન કરતા અમેરિકાનો વિજય થયો હતો. અન્ય એક મેચમાં સ્કોટલેન્ડે નામિબિયાને 5 વિકેટથી હરાવ્યું હતું. બાર્બાડોસના બ્રિજટાઉનમાં રમાયેલી આ મેચમાં, 156 રનના લક્ષ્યાંકનો પીછો કરતા સ્કૉટલેન્ડે 5 વિકેટ અને 9 બોલ બાકી રહેતા લક્ષ્યાંક હાંસલ કીર લીધો હતો. આ પૂર્વે બેટિંગ માટે ઉતરેલી નામ્બિયાની ટીમે 20 ઓવરમાં, 9 વિકેટ ગુમાવીને 155 રન બનાવ્યા હતા.